**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૨૭ ટકા

# શહેરના બજારમાં કેળાના ભાવોમાં અધધ વધારો

### ૮૦ થી ૧૦૦ રૂ. ડઝનના ભાવે હાલમાં કેળા મળી રહ્યા છે, ઉત્પાદન ઘટતા અને કેળામાં રોગ આવતા ભાવોમાં ખૂબ વધારો

ગાંધીનગર, તા. ૧૦

એક સમયે સફરજ-દાડમ જેવા મોંઘા ફળોની સામે સૌને પોષાય તેવા સસ્તા કેળાનો ભાવ હાલ આસમાનને આંબી રહ્યો છે. ઉપવાસમાં મોટાપાયે ખવાતા કેળા અત્યારે એક ડઝનના ૮૦ થી ૧૦૦ રૂ.ના ભાવે વેચાઈ રહ્યા છે. આ વર્ષે કેળાનું ઉત્પાદન ઘટતા અને કેળમાં રોગ આવતા ભાવો વધ્યા છે. કેળા સૌને પ્રિય હોય છે. વળી તેનો ભાવ અન્ય ફળો કરતાં ખૂબ સસ્તો હોવાથી ગરીબો પણ તેને ખરીદી શકે છે. સફરજન-દાડમ જેવા ફળો ૧૫૦ થી ૨૦૦ રૂ. કિલો મળતા હોય ત્યારે કેળા ૪૦ થી ૬૦ રૂ.ની વચ્ચે હજુ ગયા વર્ષ સુધી મળી જતાં હતા. જો કે આ વર્ષે કેળાનો ભાવ અધધ કહી શકાય તેટલો વધી ગયો છે. બજારમાં કેળાનો ભાવ પૂછવા જાવ તો હાયકારો નીકળી જાય તેવા મોંઘા ભાવે તે મળી રહ્યા છે. હાલમાં સારા કહી શકાય તેવા કેળા ૮૦ થી ૧૦૦ રૂ. ડઝનના ભાવે મળી રહ્યા છે જે ખૂબ વધુ છે. કેળાના ભાવો વધતા અને તેનો માલ ઓછો આવતા હાલમાં બજારોમાં પણ તે ઓછા જોવા મળે છે. ગણ્યા ગાંઠ્યા વેપારીઓ જ કેળા વેચે છે. ભાવ વધુ હોવાથી સ્વાભાવિક રીતે જ તેની ખરીદી ઓછી થાય છે. હાલમાં જ ચૈત્રી નવરાત્રી પૂર્ણ થઈ તેવા સમયમાં ઉપવાસ કરનારાઓને કેળાના વધુ ભાવોએ દઝાડ્યા હતા. ઉપવાસીઓએ કેળાનો ઉપયોગ ઘટાડી દીધો હતો. અન્ય ચીજવસ્તુઓથી ફરાળ કર્યો હતો. જાણકારોના મત અનુસાર



કેળાનુ ઉત્પાદન જ્યાં વધુ થાય છે તેવા દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રમાં કમોસમી વરસાદના કારણે ઉત્પાદનમાં ખાસ્સો એવો ઘટાડો થયો છે. વડોદરા તરફના વિસ્તારમાં શહેરીકરણ વધતા કેળાના ઉત્પાદનમાં ખાસ્સો એવો ઘટાડો થયો છે. વળી આ વર્ષે કેળામાં મોઝેક અને કરપા નામનો રોગ આવ્યો હોવાથી ઉત્પાદન ૫૦ ટકા કરતા પણ ઘટી ગયુ છે. જેના કારણે એક ડઝન કેળાનો ભાવ ૧૦૦ રૂ. પહોંચ્યો છે.

# એસટી નિગમે વિદ્યાર્થીઓની રજુઆતને ધ્યાનમાં લઈ બસ સુવિધા પુરી પાડી

### સરખેજ, કૃષ્ણનગર, વેજલપુર, સીએન વિદ્યાલયની બસોને સે-૨૮ સરકારી ઈજનેર કોલેજ સુધી લંબાવાઈ : અમદાવાદની બસ સાંજે શરૂ કરાઈ

ગાંધીનગર, તા.૧૦

સેક્ટર-૨૮ સ્થિત સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ અમદાવાદથી આવતી બસ કોલેજ સુધી ન આવતા અવર-જવરમાં મુશ્કેલી થતી હતી. વિદ્યાર્થીઓની લેખિત રજુઆતને ધ્યાનમાં લઈ એસટી નિગમે બસોની સે-૨૮ સુધી લંબાવવાની સુવિધા પુરી પાડી છે.




વિદ્યાર્થીઓ શિક્ષણ માટે જુદાજુદા સ્થળેથી અવર-જવર કરતા હોય છે. સેકટર-૨૮ સરકારી ઈજનેર કોલેજમાં અનેક વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો અમદાવાદથી આવે છે. અમદાવાદથી આવતી બસો ગાંધીનગર બસ સ્ટેન્ડ અથવા સે-૨૮/૨૯ સ્ટેન્ડ સુધીની જ હોવાથી વિદ્યાર્થીઓને કોલેજ સુધી જવામાં મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. એસટી નિગમ દ્વારા પાસની સુવિધા અપાય છે પરંતુ તે અમુક સ્થળ પુરતી મર્યાદિત બની જાય છે. સેકટર-૨૮ સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોએ એસટી નિગમને બસોને કોલેજ સુધી લંબાવવાની લેખિત રજુઆત કરી હતી. એસટી નિગમે વિદ્યાર્થીઓની અરજીને ધ્યાનમાં રાખીને છ બસોની સુવિધા આપી છે. જેમાં સરખેજ, કૃષ્ણનગર, વેજલપુર, સીએન વિદ્યાલયની બસોને સે-૨૮ સરકારી ઈજનેર કોલેજ સુધી લંબાવાઈ છે. ઉપરાંત સે-૨૮ સરકારી ઈજનેરી કોલેજથી અમદાવાદની બસ સાંજે શરૂ કરવામાં આવી છે.

એસટી નિગમ દ્વારા વિદ્યાર્થીઓની રજુઆતને ધ્યાનમાં લેવાતાં અને બસોને ઈજનેરી કોલેજ સુધી લંબાવાતા વિદ્યાર્થીઓએ રાહતની લાગણી અનુભવી છે.



સેક્ટર ૩ એ ન્યુ ખાતે વૃંદાવન મંડળ દ્વારા આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.



મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર એમ્બ્લેટન, પર્થ - ઓસ્ટ્રેલિયામાં બિરાજમાન ઘનશ્યામ મહારાજનો પ્રથમ વાર્ષિક પ્રતિષ્ઠોસ્તવની પરમ ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી.

# સમસ્ત મોચી જનસારી સમાજ દ્વારા લાલાબાપાની પુણ્યતિથી ઉજવાશે

ગાંધીનગર, તા.૧૦

સર્વે સમસ્ત મોચી જનસારી જન ક્ષત્રિય સમાજના જ્ઞાતિજનો મંડળો ને પૂજેલા બાપાના દિવ્ય પ્રગટાવી પૂજા અર્ચના ગુણગાન કીર્તન કથા મહિમા ગાન રૂપે ઉજવણી કરવા અપીલ કરવામાં આવે છે સાથે સાથે પૂજ્ય દાદા બાપા સર્વે હરિભક્તો જ્ઞાતિજનોને તને મને ધને સુખી રાખે અને વિશ્વમાં શાંતિની ભાવના રહે તે માટે ધૂન પ્રાર્થના કરવા સાથે સાથે સેવા કલ્યાણકારીઓ પણ કરવા જે લાલબાપા આપણા સર્વે પર હર હંમેશ કૃપા રાખે તેવી વિનંતી સમસ્ત જનસારી સમાજ ગાંધીનગરના મંત્રી મહેન્દ્રભાઈ કે ચૌહાણ તરફથી કરવામાં આવે છે.

# સે-૩ પ્રાથમિક શાળા ખાતે કવીઝનું આયોજન



ગાંધીનગર, તા.૧૦

ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે બેન્ક ઓફ ઈન્ડિયા તરફથી સે-૩ સરકારી પ્રાથમિક શાળા ખાતે લેખિત કવીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો અને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. શાળામાં વિજ્ઞાનના મોડેલ અને પ્રાયોગિક કીટ ભેટ સ્વરૂપે અપાઈ હતી.

# જાણિતા નાટ્ય કલાકાર અને નિવૃત્ત અધિકારી જાગૃતિ ત્રિવેદીના પુસ્તકનું વિમોચન

### ‘હુ, તુ અને તમે’ પુસ્તકના લોકાર્પણ સમારોહ ભાવપૂર્વક યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત સરકારના નિવૃત્ત અધિકારી (સ્પીપા) અને નાટ્ય કલાકાર તથા જાણીતા કવિ સ્વ. હસમુખ મઢીવાલાના સુપુત્રી શ્રીમતી જાગૃતિ ત્રિવેદીના પ્રથમ પુસ્તક ‘હું તું અને તમે’ નું વિમોચન શનિવાર, તા. ૮મી એપ્રિલ અમદાવાદ ખાતે શ્રી પી.કે. લહેરી (પૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત રાજ્ય તથા લેખક-કોલમીસ્ટ અને સદ્‌વિચાર પરિવારના વડા)ના વરદ્‌હસ્તે, જાણીતા નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, પ્રોફેસર-વિવેચક ડૉ. રંજના હરિશ, ‘ગાંધીનગર સમાચાર’ દૈનિકના તંત્રી અને કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા તથા ગૂર્જર પ્રકાશનના મનુભાઈ શાહની પ્રેરક ઉપસ્થિતિમાં ખૂબ દબદબા અને ઉષ્માપૂર્ણ માહોલમાં કરાયું હતું.

‘હું...તું અને તમે’ એટલે શ્રીમતી જાગૃતિ ત્રિવેદીની સંઘર્ષ અને સમાધાનની સંવેદનયાત્રાની નિખાલસ અભિવ્યક્તિસભર આત્મકથાનુ પુસ્તક. આ પ્રસંગે બોલતાં વિમોચનકાર અને કાર્યક્રમ અધ્યક્ષ પી.કે. લહેરીએ જાગૃતિબેનને એક સંનિષ્ઠ અને બાહોશ સરકારી અધિકારી તરીકે બિરદાવી, આ આત્મકથાના લેખન-પ્રકાશન માટે રાજીપો વ્યક્ત કર્યો હતો અને ચઢાવ-ઉતારવાળી સંઘર્ષ વાર્તા જીવનમાં સફળતાપૂર્વક આગળ વધતાં રહેવા બદલ અભિનંદન આપ્યાં હતાં.

પુસ્તકની પ્રસ્તાવના લખનાર, ગુજરાતના જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે મહિલા લેખિકા માટે આત્મકથા લખવું ખૂબ પડકારજનક બની રહે છે, ત્યારે જાગૃતિબહેને એમની કરૂણ મંગલ કાવ્યકથા સમાન જિંદગીનો ઈમાનદારીપૂર્વક હિસાબ આ પુસ્તકમાં આપ્યો છે તે ખૂબ મોટી વાત છે. કેશુભાઈએ બહેન કૃષ્ણકાન્તભાઈ જહાએ એક આત્મજન તરીકે બહેન જાગૃતિને જીવનના દરેક તબક્કે, દરેક પ્રસંગે દાખવેલ ખમીર અને ખુમારીના પોતે સાડા ચાર દાયકા સુધીના અંતરંગ સાક્ષી હોવાનું જણાવી, એમના તરફથી વધુ પ્રેરણાદાયી પુસ્તકો મળતાં રહેશે એવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમમાં સુશ્રી જાગૃતિ જાગૃતિ ત્રિવેદીએ તેમને લખવા માટે પ્રોત્સાહન કરનાર અને સતત માર્ગદર્શન આપનાર સૌનો, પુસ્તક પ્રકાશન માટે ગૂર્જર પ્રકાશનના મનુભાઈ શાહનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

એકદમ પારિવારિક માહોલમાં યોજાયેલ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં ‘સ્પીપા’ના પૂર્વ ડીજી, સનદી અધિકારી




જાગૃતિની કલમેથી વધુ સર્જનાત્મક રચનાઓ લખતી રહેશે એવી અભિલાષા વ્યક્ત કરી હતી.

પ્રસંગનાં મુખ્ય મહેમાન પદેથી બોલતાં ડૉ. રંજના હરિશે વિશ્વ સાહિત્યનાં આલેખાયેલ વિવિધ મહિલા લેખિકાઓની, આત્મકથાઓની વિગતે ચર્ચા કરી હતી અને તે સંદર્ભે ‘હું...તું અને તમે’ પણ ખૂબ મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી આત્મકથા બની રહેવાની આશા વ્યકત કરી, જાગૃતિબેનને પુસ્તક માટે અભિનંદન આપ્યાં હતાં.

ત્રિવેદીનાં લંડન સ્થિત પુત્રી શિખા પટેલ, એમના વડીલ બંધુ અભિલાષભાઈ શાહ, પતિ પંકજ ત્રિવેદીએ જાગૃતિ ત્રિવેદીના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંને ઉજાગર કરતાં લાગણીસભર વકતવ્યો આપ્યા હતા... કાર્યક્રમમાં પ્રોફેસર ડૉ. હીના મહેતાએ ‘હું...તું..અને તમે’ માંથી કેટલાક મહત્વના ગદ્યાંશોનું ભાવવાહી પઠન કરી, લેખિકાની બળુકી કલમ અને ઉત્કૃષ્ટ સંવેદનાઓનો સુંદર પરિચય કરાવ્યો હતો.પોતાના પ્રતિભાવમાં અરવિંદ અગ્રવાલ, પરિવારજનો, ગાંધીનગર સાહિત્યના સભાના પ્રમુખ રમેશ ઠક્કર, જાણીતા ગઝલકાર કિશોર જીકાદરા, પ્રો. પ્રણવ જોષીપુરા, જાગૃતિબેનની નાટ્ય પ્રવૃત્તિના સાક્ષીઓ પ્રકાશ લાલા, મુકેશ વેદ, સુરેશ પારધી તથા ‘સ્પીપા’ના અનો સચિવાલયના સહ કર્મચારીઓ-મિત્રો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી જાણીતા ઉદ્‌બોદક હિરેન ભટ્ટ સંચાલિત ‘હું..તું અનો તમે..’ના વિમોચન કાર્યક્રમનો માણ્યો હતો.

# ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય મેરેથોન દિવસ અન્વયે રનર્સનો મેળાવડો



ગાંધીનગર, તા.૧૦

વિશ્વમાં દર વર્ષે ૧૦મી એપ્રિલે મેરેથોનન આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ૧૮૯૬માં, ગ્રીસના એથેન્સમાં પ્રથમ આધુનિક ઓલિમ્પિક રમતોના ભાગરૂપે ’મેરેથોન’ નામની નવી લાંબા અંતર દોડની ઈવેન્ટ પ્રથમ વખત રજૂ કરવામાં આવી હતી. આયોજકોએ ગ્રીક રનર/મેસેન્જર ફિડિપિડ્‌સના ઐતિહાસિક પરાક્રમથી પ્રેરણા લીધી, જેઓ એથેનિયનો દ્વારા પર્સિયનની હારની જાહેરાત કરવા માટે "મેરેથોન" નામના દરિયાકાંઠાના ગ્રીક ગામથી ગ્રીસમાં તેની રાજધાની "એથેન્સ" સુધી લગભગ ૨૫ માઈલ દોડ્યા હતા. ૪૯૦ બીસીમાં ગ્રીકની દંતકથા પ્રમાણે આ મહત્વપૂર્ણ સમાચાર તેના સાથી એથેન્સીઓને જાહેર કર્યા પછી તે મૃત્યુ પામ્યો. એથેન્સ, ગ્રીસ ખાતે ૧૮૯૬ની ઓલિમ્પિક મેરેથોન આમ, પ્રથમ "મેરેથોન" હતી જે ૧૦મી એપ્રિલ ૧૮૯૬ના રોજ સત્તાવાર રીતે યોજાઈ હતી.

ગાંધીનગરના રનર્સ પણ ભારત અને વિદેશમાં યોજાતી મેરેથોનમાં નિયમિત રીતે ભાગ લે છે જે પૈકી ઘણાં રનર્સ વિજેતા થઈને આવે છે. વિશ્વ મેરેથોન દિવસ અન્વયે આ રનર્સનું સ્નેહ મિલન મેરેથોન રનર જગત કારાણી દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું. આ મેળાવડામાં જગત કારાણી, સંજય થોરાત, મીતેશ ગજ્જર, રાજેશ્રી પરમાર, પ્રદીપ ગેહલોત, રજનીકાંત પરમાર, ખુશાલી પુરોહિત, ડૉ. જિજ્ઞાસા હુમ્મર, પિંકી જહા, દિલીપસિંહ ડોડિયા, ફાલ્ગુની ડોડિયા, દિલીપ શર્મા, અર્પિતા જોષી, રમેશ બાબુ ગટ્ટુ, કોચ રાહુલ શર્મા, મયંકા શર્મા, શૈલેષ ભાટી, રોહિત ચૌહાણ સહિત અનેક રનર્સ જોડાયા હતા. મજાની વાત એ હતી કે આ મેળાવડામાં મેરેથોન સીવાય બીજી કોઈ વાત કે ચર્ચા નહોતી. આવનાર મેરેથોન દોડમાં ભાગ લેવાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.ઠાકોર આશાબેન મહોબતજી** ઉ.વ.૨૭, મુધાસણા, તલોદ
- **સ્વ.દેસાઈ હરગોવનભાઈ ગોકળભાઈ** ઉ.વ.૬૪, ગાંધીનગર
- **સ્વ.દવે દિપકકુમાર શિવશંકર** ઉ.વ.૬૮, ગાંધીનગર
- **સ્વ.ઠાકોર શાન્તાબેન પુનાજી** ઉ.વ.૭૯, પાલજ
- **સ્વ.પટેલ સુખલાલભાઈ તુલસીદાસ** ઉ.વ.૭૧, ગાંધીનગર
- **સ્વ.ઠાકોર માણેકબેન જવાનજી** ઉ.વ.૭૭, દોલારાણાવાસણા
- **સ્વ.ઠાકોર હિંમતજી ફતાજી** ઉ.વ.૪૬, મહુન્દ્રા

## જન્મદિને વધામણી



શ્રદ્ધા એન પટેલ
(આશાપુરા ગૃપ)
મો. ૯૬૨૪૧ ૨૯૨૪૧



રોહિત પાલ




નિસર્ગ વાય શુક્લ
મો. ૮૦૦૦૦ ૪૧૮૦૭




જયદીપભાઈ સુખડીયા



મંથન સંજયકુમાર ત્રિવેદી
મો. ૮૪૮૭૦ ૮૯૩૨૭



નવ્યા મુકેશકુમાર પટેલ



માલવિક મુકેશકુમાર પટેલ



કિઆન જીગરકુમાર પેઈન્ટર
મો. ૮૪૬૦૦ ૭૦૭૭૦



જીગીષા બી.નાયી



દેવ નિમ્બાર્ક
મો. ૮૮૬૬૩ ૪૦૨૫૬